# IPSની મોટા પાયે બદલીની શક્યતા, સુરતને નવા CP મળશે

**સુરતના** નવા સીપી તરીકે નિપુણા તોરવણેનું નામ સૌથી આગળ હોવાની ચર્ચા

**સુરતના** ઈનચાર્જ સીપી વાબાંગ જમીરને સીઆઈડી (ક્રાઈમ)માં સ્થાન મળી શકે

**કે. એલ.** એન. રાવને જેલ અથવા હોમગાર્ડ વિભાગમાં નિમણૂક મળવાની ચર્ચા

ગાંધીનગરઃ રાજ્યના પોલીસ તંત્રમાં ટૂંક સમયમાં વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલી અને બઢતી થવાની શક્યતાઓએ ભારે જોર પકડ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી કાયદો અને વ્યવસ્થા કરતાં વધુ ચર્ચા પોલીસ બેડામાં અધિકારીઓના સંભવિત નવા પોસ્ટિંગને લઈને થઈ રહી છે.

ગાંધીનગર સ્થિત ગૃહ વિભાગ અને પોલીસ મુખ્યાલયથી લઈને વિવિધ સિટી કમિશનરેટ કચેરીઓ સુધી સંભવિત બદલીના ઓર્ડરને લઈને ઉત્સુકતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સચિવાલય અને પોલીસ વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ સૌથી વધુ નજર સુરત શહેર પોલીસ કમિશનરના મહત્વના પદ પર ટકેલી છે. આ હોદ્દા માટે IPS નિપુર્ણા તોરવણેનું નામ રેસમાં સૌથી આગળ હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જ્યારે સંદીપ સિંહ અને નરસિંહ કોમરના નામ પણ આ દાવેદારીમાં બોલાઈ રહ્યા છે.

આ ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓના વબાંગ જમીરને સીઆઈડી (ક્રાઈમ) માં મહત્વની જવાબદારી સોંપાઈ શકે છે, જ્યારે કે. એલ. એન. રાવને જેલ અથવા હોમગાર્ડ વિભાગમાં નિમણૂક મળવાની ચર્ચાઓ ચાલી રહી છે. માત્ર સુરત જ નહીં, પરંતુ વડોદરા શહેર અને કચ્છ રેન્જ જેવા મહત્વના વિસ્તારો માટે પણ અનેક સિનિયર આઈપીએસ અધિકારીઓના નામોની અટકળો લગાવાઈ રહી છે. જોકે, આ તમામ નામો હાલ માત્ર પોલીસ બેડામાં ચાલી રહેલી ચર્ચાઓ અને અટકળોનો જ ભાગ છે. અગાઉના બદલીના રાઉન્ડનો અનુભવ દર્શાવે છે કે ઘણી વખત જે અધિકારીઓના નામ ચર્ચામાં સૌથી આગળ હોય છે તેઓ અંતિમ યાદીમાં હોતા નથી, અને બિનચર્ચિત નામોને અચાનક મહત્વની જવાબદારી સોંપી દેવામાં આવે છે.

રાજ્ય સરકાર તરફથી હજુ સુધી બદલી અંગે કોઈ સત્તાવાર આદેશ કે સંકેત આપવામાં આવ્યા નથી. ગૃહ વિભાગ દ્વારા સત્તાવાર ઓર્ડર જાહેર કરવામાં આવ્યા બાદ જ અધિકારીઓના નવા પોસ્ટિંગનું ચિત્ર સ્પષ્ટ થશે.

# હજીરાને રેલવે ગુડ્ઝનું મોટું કેન્દ્ર બનાવવા કામગીરી શરૂ

**પશ્ચિમ** રેલવેના જીએમ રામાશ્રય પાંડેએ ગોથાણ ગામ મેઈન લાઈન, કૃભકો રેલ લાઈન અને હજીરાનાં મુખ્ય એકમોનું નિરીક્ષણ કર્યું

સુરતઃ સુરતના ઔદ્યોગિક વિસ્તાર ગોથાણગામ, કૃભકો રેલ લાઈન અને હજીરાને રેલ આધારિત માલ પરિવહનનું મોટું કેન્દ્ર બનાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે પશ્ચિમ રેલવેના જીએમ રામાશ્રય પાંડેએ ભરૂચ-દહેજ રેલખંડ સાથે ગોથાણગામ મેઈનલાઈન, કૃભકો રેલ લાઈન અને હજીરા ખાતેના મુખ્ય ઔદ્યોગિક એકમોનું વ્યાપક નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન રેલવે, બંદર અને ઉદ્યોગો વચ્ચે વધુ સારો સમન્વય વધારીને માલ પરિવહન ક્ષમતામાં વધારો કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

જીએમએ સૌથી પહેલા ભરૂચ-ગોથાણગામ મેઈનલાઈન, ભરૂચ-દહેજ રેલખંડ અને કૃભકો લાઈનનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું. તેમણે ટ્રેક, સિગ્નલ, દૂરસંચાર વ્યવસ્થા અને સમપાર ફાટકોની સ્થિતિની તપાસ કરીને અધિકારીઓને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અને નિર્વિઘ્ન રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપ્યા. આ દરમિયાન વડોદરા મંડળના અધિકારીઓએ તેમને રેલ માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા અને લોજિસ્ટિક્સ વિકાસની પ્રસ્તાવિત યોજનાઓની માહિતી પણ આપી. નિરીક્ષણના આગામી તબક્કામાં જીએમએ દહેજ ખાતે આવેલા કોન્કોરના ગતિ શક્તિ મલ્ટી મોડલ કાર્ગો ટર્મિનલ અને MAPD સાઈડિંગ પર પહોંચી કોન્કોર અધિકારીઓ સાથે બેઠક કરીને કન્ટેનર અને માલ પરિવહન વધારવા, મલ્ટીમોડલ પરિવહનને મજબૂત કરવા તથા લોજિસ્ટિક્સ સંચાલનને વધુ અસરકારક બનાવવા અંગે ચર્ચા કરી. દહેજ પોર્ટના નિરીક્ષણ દરમિયાન તેમણે પોર્ટ અધિકારીઓ સાથે રેલ આધારિત માલ પરિવહન વધારવાની શક્યતાઓની સમીક્ષા કરી અને મરીન કંટ્રોલ રૂમની પણ મુલાકાત લીધી. ત્યારબાદ પાંડેય સુરતના હજીરા પહોંચ્યા, જ્યાં હજીરા ખાતે આવેલા અદાણી પોર્ટના અધિકારીઓ સાથેની બેઠકમાં રેલવે કનેક્ટિવિટીને મજબૂત કરવા અને ભવિષ્યમાં માલ પરિવહન ક્ષમતા વધારવાની શક્યતાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી. જીએમએ જણાવ્યું કે, પશ્ચિમ રેલવેનો ઉદ્દેશ ઉદ્યોગો, બંદરો અને લોજિસ્ટિક્સ ભાગીદારો સાથે વધુ સારો તાલમેલ સ્થાપિત કરીને રેલ આધારિત માલ પરિવહનનો હિસ્સો વધારવાનો છે. તેમણે અધિકારીઓને સમયબદ્ધ રીતે પશ્ચિમ રેલવેને માલ પરિવહનના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે સત પ્રયાસો કરવા નિર્દેશ આપ્યા.

# NEET-UG: AIQમાં પ્રવેશ માટે એક જ વાર કોલેજમાં જવું પડશે

'વન ટાઈમ ફિઝિકલ રિપોર્ટિંગ'થી વિદ્યાર્થીઓને રાજ્યો વચ્ચેના ધક્કા નહીં ખાવા પડે

સુરતઃ NEET UG હેઠળ ઓલ ઈન્ડિયા ક્વોટાની મેડિકલ બેઠકો માટેના કાઉન્સેલિંગ રાઉન્ડમાં અલગ-અલગ રાજ્યની કોલેજોમાં જઈને પ્રવેશ કન્ફર્મ કે રદ કરાવવાની ફરજ નહીં પડે. તેના બદલે 'વન ટાઈમ ફિઝિકલ રિપોર્ટિંગ'સિસ્ટમ અમલમાં મુકવામાં આવશે.સીટ ફાળવાયા બાદ વિદ્યાર્થી ઓનલાઈન ફ્રીઝ અથવા ફ્લોટ વિકલ્પ પસંદ કરી શકશે. ફ્રીઝ વિકલ્પ પસંદ કરનાર વિદ્યાર્થીઓએ જ નિર્ધારિત સમયમર્યાદામાં સંબંધિત કોલેજમાં જઈ ફી ભરવાની અને મૂળ દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. જ્યારે વધુ સારી સીટની આશાએ ફ્લોટ વિકલ્પ પસંદ કરનાર વિદ્યાર્થીઓએ માટે ત્રીજા રાઉન્ડ સુધી ઓનલાઈન વેરિફિકેશનની જ વ્યવસ્થા રહેશે અને તેમને રૂબરૂ હાજર રહેવાની જરૂર પડશે નહીં. પ્રવેશ રદ કરવાની પ્રક્રિયા પણ હવે MCC પોર્ટલ મારફતે ઓનલાઈન કરી શકાશે. નવી વ્યવસ્થાથી દેશભરના હજારો વિદ્યાર્થીઓનો સમય, ખર્ચ અને મુસાફરીની મુશ્કેલીઓમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

### નવી વ્યવસ્થાને લઈને નિષ્ણાતોમાં બેઠકો બ્લોક થવાની ચિંતા

જોકે, મેડિકલ પ્રવેશ ક્ષેત્રના કેટલાક નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે કે જો કોઈ વિદ્યાર્થી ઓલ ઈન્ડિયા ક્વોટાની સીટ ફ્રીઝ કરીને રાજ્ય ક્વોટામાં પણ પ્રવેશ મેળવી લે તો ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠક અનાવશ્યક રીતે બ્લોક થઈ શકે છે. તેના કારણે બેઠકોની વાસ્તવિક ઉપલબ્ધતા અંગે ગેરસમજ ઉભી થવાની શક્યતા પણ તેમણે વ્યક્ત કરી છે.

# રહેમરાહે નિમણૂકમાં વર્ગ 3-4ના કર્મીને જૂની પેન્શન યોજનાનો લાભ

**15 જૂન**-2004થી 31 માર્ચ-2005 વચ્ચે અને 1 એપ્રિલ-2005 બાદ નિમણૂક મેળવનારને લાભ મળશે

ગાંધીનગરઃ રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરીને રહેમરાહે (કંપેશનેટ ગ્રાઉન્ડ) નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-4ના પાત્ર કર્મચારીઓને જૂની પેન્શન યોજના (ઓપીએસ)નો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી વર્ષોથી જૂની પેન્શન યોજનાનો લાભ મળવાની રાહ જોતા હજારો કર્મચારીઓ અને તેમના પરિવારોને મોટી રાહત મળશે.

ઠરાવ મુજબ તા. 15 જૂન, 2004થી 31 માર્ચ, 2005 દરમિયાન રહેમરાહે નિમણૂક માટે પસંદગી પામેલા અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ફાળવણી થયેલી હોવા છતાં 1 એપ્રિલ, 2005 પછી નિમણૂક મેળવી હોય, તેવા વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે.

આ ઉપરાંત જે કર્મચારીઓએ 1 એપ્રિલ, 2005 પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો સફળતાપૂર્વક પૂર્ણ કરીને નિયમિત સરકારી સેવા પ્રાપ્ત કરી છે, તેઓ પણ આ લાભ માટે પાત્ર ગણાશે. આવા કર્મચારીઓએ નાણા વિભાગના તા. 8 નવેમ્બર, 2024 અને તા. 16 એપ્રિલ, 2025ના ઠરાવમાં નક્કી કરાયેલી જોગવાઈઓ મુજબ જૂની પેન્શન યોજના (ઓપીએસ)નો લાભ આપવામાં આવશે. ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર નિયત નમૂનામાં અરજી કરવી ફરજિયાત રહેશે.

**મોર ભગવામાં 1968 બાદ પ્રથમ વખત અતિભારે વરસાદ**

# ઓલપાડનાં ગામોમાં આર્મી રેસ્ક્યુમાં જોડાઈ, ૧૫૭ નાગરિકોને બચાવાયા

**ઓલપાડ** ધારાસભ્ય મુકેશ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી



### 2334 લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું

ઓલપાડ પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાએ વિગતો આપતા કહ્યું હતું કે, ઓલપાડ તાલુકાના કિમ-કઠોદરા સહિતના અનેક ગામોમાંથી ઈન્ડિયન આર્મી તથા એસ.ડી.આર.એફ.ની ટીમો નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાના કારણે 157 જેટલા નાગરિકોનું સફળ રેસ્ક્યું કરવામાં આવ્યું હતું. જ્યારે તાલુકા તંત્ર દ્વારા ૨૩૩૪ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું.

સુરતઃ ઓલપાડના મોર ભગવા ગામે વર્ષ 1968 બાદ પ્રથમ વખત નોંધાયેલા અતિભારે વરસાદને કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે કીમ, બોલાવ, અણીતા, વડોલી સહિત ભારે વરસાદથી પ્રભાવિત વિવિધ ગામોની મુલાકાત દરમિયાન અસરગ્રસ્ત પરિવારો સાથે સીધી વાતચીત કરી તેમની મુશ્કેલીઓ જાણી હતી. તેમણે નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેમજ રાહત અને બચાવ કામગીરી ઝડપી ગતિએ હાથ ધરવામાં આવે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. ખાસ કરીને મોર ભગવા ગામે વર્ષ 1968 બાદ પ્રથમ વખત નોંધાયેલા અતિભારે વરસાદને કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં સર્જાયેલી સ્થિતિની તેમણે વિસ્તૃત સમીક્ષા કરી હતી.

# દમણના સાંસદ અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખને બે વર્ષની સજા

**15 વર્ષ** પહેલા પીએસઆઇની પરીક્ષા કેન્દ્રમાં ઘૂસી જઇ હોબાળો કર્યો હતો

દમણ : દીવના અપક્ષ સાંસદ અને પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખને વર્ષ 2011માં એક સકારી અધિકારીની ફરજમાં અવરોધ ઊભો કરવાના બનાવમાં નોંધાયેલા ગુનામાં કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવી સજાની સાથે દંડ ફટકારવાનો હુકમ કર્યો છે.

કેસની વિગતો મુજબ, 12 માર્ચ 2011 ના રોજ મોટી દમણના સ્પોર્ટસ ક્લબના ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે એક્સાઈઝ સબ ઈન્સ્પેક્ટરની શારીરિક પરીક્ષા ચાલી રહી હતી આ સમયે એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ જગમોહનદાસ સિંહ પોલીસ બંદોબસ્ત અને પરીક્ષાની કાર્યવાહી પર નજર રાખી રહ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ સવારે આશરે 11-30 કલાકની આસપાસ ઉમેશ પટેલ (યુથ એક્શન ફોર્સ સાથે સંકળાયેલા) અને સુરેશ (સુખા) જગુ પટેલની સાથે અન્ય 2 વ્યક્તિઓએ બળજબરીથી પરીક્ષા સ્થળમાં પ્રવેશ કર્યો હતો અને પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી કરી હતી. આરોપીઓએ કમિટી સમક્ષ પહોંચી હોબાળો મચાવી એક ઉમેદવાર વિપુલ ભીખાભાઈ સોલંકીની ભલામણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી એડિશનલ એસ.પી. જગમોહનદાસ સિંહે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આજરોજ આ કેસની સુનાવણી દમણ કોર્ટમાં પૂર્ણ થયા બાદ કોર્ટના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પ્રણિતા પી. ભરસાકડે વાઘે ચુકાદો આપી આરોપી સુરેશ ઉર્ફે સુખા જગુ પટેલ અને ઉમેશ બાબુભાઈ પટેલને ભારતીય દંડ સંહિતાની કલમ 186 અને 353 હેઠળ દોષિત ઠેરવી બન્ને ને 2 વર્ષની સાદી કેદ તેમજ 5 હજારનો દંડ ફટકાર્યો હતો. જો કે, અદાલતે આઈ.પી.સી.ની કલમ 332, 452 અને 504 હેઠળના આરોપોમાં બંનેને પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે. એટલું જ નહીં પણ આરોપીઓને જામીન બોન્ડ રજૂ કરવાનો આદેશ આપી કેસમાં મુદ્દામાલ તરીકે જપ્ત કરાયેલી વિડિયો કેસેટ આબકારી વિભાગને પરત સોંપવાનો તેમજ આરોપીઓને ચુકાદાની પ્રમાણિત નકલ વિનામૂલ્યે આપવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. દમણ-દીવના અપક્ષ સાંસદ ઉમેશ પટેલ અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સુખા પટેલને જામીન મળી ગયા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઉકાઈમાં પાણીની...

છે, તેમ છતાં સતત વધી રહેલી આવકને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર ચોવીસે કલાક નજર રાખવામાં આવી રહી છે. ઉપરવાસમાં આવેલા હથનુર ડેમના તમામ 18 ગેટ ખોલી દેવામાં આવ્યા છે. શનિવારે સવારે હથનુરમાંથી 2.01 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું, જે સાંજ સુધીમાં ઘટીને 96 હજાર ક્યુસેક થયું છે. બીજી તરફ પ્રકાશા ડેમના 25 ગેટ સંપૂર્ણપણે ખોલી દેવાયા છે અને ત્યાંથી 4.07 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણી આગામી સમયમાં ઉકાઈ ડેમ સુધી પહોંચતા પાણીની આવકમાં વધુ વધારો થઈ શકે છે. રાત્રે 10 કલાકે ઉકાઈમાં 4.99 લાખ ક્યુસેક પાણીની આવક સાથે સપાટી 325.56 ફુટ નોંધાઈ હતી.

### તાપી નદી અને ઉકાઈ ડેમ પર સતત મોનિટરિંગ

વધતી જળસપાટી વચ્ચે સુરત જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ હાઈ એલર્ટ પર છે. ઉકાઈ ડેમ તેમજ તાપી નદીના જળસ્તર પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સંભવિત સ્થિતિને ધ્યાનમાં રાખીને નીચાણવાળા વિસ્તારો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. તંત્રે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, અધિકૃત સૂચનાઓનું પાલન કરવા અને જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળવાની અપીલ કરી છે.

### સુરત હિલસ્ટેશન...

પછી ઓગષ્ટ મહિનામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન છે. વર્ષ 2018માં ઓગષ્ટ દરમિયાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 22.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના આંકડા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં ઓગષ્ટ મહિનામાં લઘુત્તમ તાપમાન સામાન્ય રીતે 24 ડિગ્રીથી વધુ રહ્યું છે. જોકે, આ વર્ષે સતત વરસાદના કારણે તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

### કીમ, ટોકરી,...

કરવા માટે દોડવું પડ્યું હતું. પૂર્ણા નદીના પાણી ઘૂસી જતાં નવસારીમાં એક લાખ લોકો અસરગ્રસ્ત બન્યા હતા. નવસારીનો મોટો ભાગ પૂરમાં ગરકાવ થઈ ગયો હતો. જોકે, મોડી સાંજે પાણી ઉતરવા માંડતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભારે વરસાદને કારણે ગણદેવી તાલુકાની લોકમાતા કાવેરી, અંબિકા, વેગણિયા, ઔરંગા નદીનાં સતત બીજા દિવસે રૌદ્ર સ્વરૂપ વધુ ઘેરા બન્યા હતા. કાવેરી નદીએ ૧૯ ફૂટની ભયજનક સપાટી વટાવી દીધી હતી. તેવી જ રીતે અંબિકા નદી ભયજનક સપાટી વટાવી ૩૮.૦૪ ફૂટે વહેતી હતી. ગણદેવી તાલુકા તેમજ બીલીમોરા શહેર મળી કુલ ૪૬૫૪ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લામાં પણ વરસાદનું જોર આજે ઘટ્યું હતું. તેમ છતાં હજી અહીંના 12 કોઝવે હજૂ પણ પાણીમાં ગરક છે જ્યારે 20 ગામ પૂરની અસર હેઠળ છે. ઉપરવાસમાંથી આવેલા પાણીના જોરદાર પ્રવાહને કારણે પૂર્ણા નદીના પૂરના પાણી ઘૂસી જતાં નવસારી શહેર માત્ર 15 દિવસમાં ત્રીજી વખત પૂરની ઝપેટમાં આવ્યું હતું.

શહેરના વિરાવળ રોડ સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતાં રસ્તાઓ, રહેણાંક વિસ્તારો, દુકાનો અને જાહેર સ્થળો જળમગ્ન બન્યા હતા. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં ઘરવખરી, ઈલેક્ટ્રોનિક સાધનો, ફર્નિચર અને અન્ય કિંમતી સામાનને ભારે નુકસાન થયું હતું. અનેક પરિવારોને સુરક્ષિત સ્થળોએ આશરો લેવો પડ્યો હતો, જ્યારે પાણી ભરાવાના કારણે દૈનિક જીવન અને વાહનવ્યવહાર પર પણ વ્યાપક અસર જોવા મળી હતી. બીજી તરફ સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે કીમ અને ટોકરી નદી ગાંડીતુર બનતાં ઓલપાડ, માંગરોળ અને હાંસોટનાં અનેક ગામો જળમગ્ન થયાં છે. નેત્રંગમાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ વચ્ચે ખરેઠા ગામે કોતરમાં અચાનક પાણીનો પ્રવાહ વધતાં ૫૭ વર્ષીય મહિલા તણાઈ જતાં મોત થયું હતું. કીમ નદીના રૌદ્ર સ્વરૂપને કારણે કઠોદરા ગામ સંપર્કવિહોણું બન્યું હતું, જ્યાંથી સ્થાનિકો તથા કીમની અમન સોસાયટીમાંથી એક વર્ષના બાળક સહિત ફસાયેલા લોકોને આર્મી, SDRF અને પોલીસ ટીમે રેસ્ક્યુ કર્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં કેડસમા પાણી ભરાતાં ખેતી અને માલસામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. કીમ નદીના વધતા જળસ્તર અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને પગલે જિલ્લા વહીવટી તંત્રે રાહત અને બચાવ કામગીરી તેજ બનાવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 4 હજારથી વધુ નાગરિકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

### 15 જ...

વાહનવ્યવહાર પર પણ વ્યાપક અસર જોવા મળી હતી. જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા, પોલીસ, ફાયર બ્રિગેડ અને એનડીઆરએફ સહિતની ટીમોએ સતત રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા, જરૂરી સહાય પહોંચાડવા અને પરિસ્થિતિ પર સતત નજર રાખવાની કામગીરી કરવામાં આવી હતી. જોકે, બપોર બાદ વરસાદની તીવ્રતા ઘટતાં અને પૂરના પાણી ધીમે ધીમે ઓસરવા લાગતાં શહેરમાં સ્થિતિમાં સુધારો જોવા મળ્યો હતો. પાણી ઉતરતાં અસરગ્રસ્ત પરિવારોમાં આશાનું કિરણ જોવા મળ્યું, જ્યારે જિલ્લા વહીવટી તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. હવે તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ અભિયાન, કાદવ દૂર કરવાની કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, આરોગ્ય સેવાઓ અને આવશ્યક સુવિધાઓને ઝડપથી પૂર્વવત્ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ આગામી વરસાદને ધ્યાનમાં રાખી નીચાણવાળા વિસ્તારોમાં સતત સતર્કતા રાખવામાં આવી રહી છે.

### ઉમરપાડામાં 7.12...

દૈનિક જીવન પણ પ્રભાવિત થયું હતું. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઉમરપાડા તાલુકામાં 7.12 ઈંચ નોંધાયો હતો, જે સમગ્ર જિલ્લામાં સૌથી ઊંચો આંક રહ્યો હતો. ત્યારબાદ અંબિકા વિસ્તારમાં 5.40 ઈંચ અને ઓલપાડ તાલુકામાં 5.12 ઈંચ વરસાદ વરસ્યો હતો. કામરેજમાં 4.36 ઈંચ અને સુરત શહેરમાં 3.24 ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ 3 ઓગસ્ટથી વરસાદનું જોર ધીમે ધીમે ઘટશે. જોકે 7 ઓગસ્ટે રાજસ્થાન ઉપર નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, પરંતુ તેની દક્ષિણ ગુજરાત પર મર્યાદિત અસર રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારબાદ 12 ઓગસ્ટે વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, જેની અસર દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં જોવા મળી શકે છે.

### અંબિકા અને...

વિસ્તારમાંથી ૩૦૯ લોકોનો સમાવેશ થાય છે. અંબિકા અને કીમ નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાંથી સૌથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. સ્થિતિમાં સુધારો થતાં અત્યાર સુધીમાં ૩,૬૦૪ લોકો પોતાના ઘરે પરત ફર્યા છે, જ્યારે બાકીના લોકોને તંત્ર દ્વારા રહેવા અને જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને રાહત અને દેખરેખની કામગીરીની સમીક્ષા કરી હતી.

### માંડવીમાં પહેલેથી...

SDRF ટીમ મોકલી દેવામાં આવી છે. SDM, TDO, પોલીસ અને અન્ય વિભાગોની ટીમો સતત ફિલ્ડમાં રહી સ્થિતિ પર નજર રાખી રહી છે. જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સરેરાશ 222 મીમી (આશરે 8 ઈંચ) વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ અંબિકા તાલુકામાં 565 મીમી (આશરે 22.5 ઈંચ) નોંધાયો હતો. અન્ય તાલુકાઓમાં પણ 5થી 12 ઈંચ સુધી વરસાદ વરસ્યો છે, જ્યારે સુરત શહેરમાં અંદાજે 5થી 6 ઈંચ વરસાદ નોંધાયો છે. કલેક્ટરે ખાસ કરીને કીમ નદીના કાંઠા વિસ્તારમાં વસતા લોકોને વિલંબ કર્યા વગર સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની અપીલ કરી છે. કલેક્ટરે નાગરિકોને અનુરોધ કર્યો છે કે ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને અતિ આવશ્યક કામ સિવાય ઘરની બહાર ન નીકળે, તંત્રની સૂચનાઓનું પાલન કરે અને અફવાઓથી દૂર રહે.

### બીલીમોરાની અંબિકા...

આવી નથી. આવી સ્થિતિમાં વહીવટી તંત્ર અને પરિવહન એજન્સીઓ સત હવામાન પર નજર રાખી રહી છે. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે મુસાફરી પહેલા પોતાની ટ્રેનનો તાજો સ્ટેટસ ચોક્કસ તપાસી લે.

### કીમમાં પૂરને...

કરવામાં આવી હતી. ફાયર જવાનોએ અત્યંત જોખમી અને સાહસિક કામગીરી હાથ ધરીને કોઠવા, નવી નરોલી, કોસંબા, કુંવારદા અને હથોડા ગામ સહિતના વિવિધ વિસ્તારોમાંથી અંદાજે 125 જેટલા નાગરિકોને પાણીમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ સ્થાનિક પોલીસ વિભાગ અને મામલતદાર કચેરીના સઘન સંકલનથી તમામ અસરગ્રસ્તોને કોસંબા સ્થિત 'સનરાઈઝ સ્કૂલ' ખાતે કાર્યરત રિલીફ સેન્ટરમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. ત્યાં તેમના રહેવા અને જમવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. કીમ ખાતે 80 વ્યક્તિઓનું સફળ રેસ્ક્યૂ કરી તેમને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા.

વિતેલા ચોવીસ...

### વિતેલા ચોવીસ કલાકમાં પડેલા વરસાદની વિગત

| ક્રમ | વિસ્તાર / સ્થળ | વરસાદ (મીમી) | વરસાદ (ઈંચ) | ક્રમ | વિસ્તાર / સ્થળ | વરસાદ (મીમી) | વરસાદ (ઈંચ) |
|---|---|---|---|---|---|---|---|
| 9 | તલાસવાડા | 103.00 | 4.12 | 24 | શાહદા | 45.00 | 1.80 |
| 10 | હથનુર | 105.00 | 4.20 | 25 | નિઝામપુર | 35.00 | 1.40 |
| 11 | ભુસાવલ | 98.00 | 3.92 | 26 | ખેતિયા | 41.00 | 1.64 |
| 12 | પીંપળી | 25.60 | 1.02 | 27 | નંદુરબાર | 19.00 | 0.76 |
| 13 | સાવખેડા | 40.00 | 1.60 | 28 | સાગબારા | 207.00 | 8.28 |
| 14 | ગીરના | 45.00 | 1.80 | 29 | દુસખેડા | 59.00 | 2.36 |
| 15 | દહીગાવ | 34.00 | 1.36 | 30 | બમ્બરૂલ | 103.00 | 4.12 |
| 16 | ધુલિયા | 61.00 | 2.44 | 31 | નરાણે | 41.00 | 1.64 |
| 17 | ગીધાડે | 20.00 | 0.80 | 32 | માલપુર | 29.00 | 1.16 |
| 18 | શીરપુર | 49.00 | 1.96 | 33 | અક્કલકુવા | 40.00 | 1.60 |
| 19 | શીંદખેડા | 19.80 | 0.79 | 34 | ઉકાઈ | 140.00 | 5.60 |
| 20 | ડામરખેડા | 27.40 | 1.10 | 35 | નિઝર | 25.00 | 1.00 |
| 21 | સાયગાવ | 43.40 | 1.74 | 36 | કુકરમુંડા | 19.00 | 0.76 |
| 22 | વેલદા | 54.00 | 2.16 | 37 | ચોપડવાવ | 165.00 | 6.60 |
| 23 | ચાંદપુર | 89.00 | 3.56 | 38 | કાકડીમ્બા | 157.00 | 6.28 |

## અનુસંધાન... પાના પહેલાનું

### આજે છે...

ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉપરાંત પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 2 અને 3 ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન, ગાજવીજ અને વીજળીના કડાકા સાથે ભારે વરસાદ પડી શકે છે. જોકે 4 ઓગસ્ટથી વરસાદની તીવ્રતામાં ધીમે ધીમે ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 5થી 8 ઓગસ્ટ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માત્ર છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

### કોમર્શિયલ LPGના...

૧૮૩.૫૦ના ઘટાડા પછી કમર્શિયલ એલપીજીના દરોમાં આ સતત બીજો માસિક ઘટાડો છે. એટીએફના કિસ્સામાં, આ વધારાએ ૧ જુલાઈએ કરાયેલા તેટલા જ પ્રમાણના ઘટાડાને નાબૂદ કરી દીધો છે. કમર્શિયલ એલપીજીના દરોમાં ૧ જુલાઈ અને ૧ ઓગસ્ટના રોજ થયેલા આ બે ઘટાડા પહેલાં, પશ્ચિમ એશિયાની કટોકટીના કારણે જૂન મહિનામાં ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા હતા. ફેબ્રુઆરીના અંતમાં સંઘર્ષ શરૂ થયા પછી, કમર્શિયલ એલપીજીના દરોમાં ૧૯ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૧,૩૭૩નો વિરાટ વધારો થયો હતો–જે ફેબ્રુઆરીમાં રૂ. ૧,૭૪૦.૫૦ પર હતો તેનાથી વધીને જૂનમાં રૂ. ૩,૧૧૩.૫૦ થઈ ગયો હતો. આ સાથે જ, ૫ કિલોના માર્કેટ પ્રાઈસ્ડ (બજાર ભાવના) એલપીજી સિલિન્ડરની કિંમત રૂ. ૮૦૮.૫૦ પરથી ઘટાડીને રૂ. ૭૬૨ કરવામાં આવી છે. આ દરો–જે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ભાવો અને વિદેશી મુદ્રાના વિનિમય દરના આધારે દર મહિનાની પહેલી તારીખે સુધારવામાં આવે છે તે મૂલ્ય વર્ધિત કર (VAT) જેવા સ્થાનિક કરવેરાના આધારે રાજ્યે-રાજ્યે અલગ-અલગ હોય છે.

ઘરગથ્થુ રસોડામાં વપરાતા ડોમેસ્ટિક (ઘરગથ્થુ) એલપીજીના દર ૧૪.૨ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૯૪૨ પર યથાવત રહ્યા છે. ડોમેસ્ટિક એલપીજીના ભાવમાં છેલ્લે ૭ જૂને ૧૪.૨ કિલોના સિલિન્ડરદીઠ રૂ. ૨૯નો વધારો કરવામાં આવ્યો હતો. પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે પુરવઠામાં વિક્ષેપ અને આંતરરાષ્ટ્રીય ઊર્જાના ભાવમાં ઉછાળો આવ્યા બાદ માર્ચ મહિનામાં દરોમાં રૂ. ૬૦નો વધારો થયો હતો.

### E20: અરવિંદ...

તેમને નવી દિલ્હીમાં નજરકેદ કરવામાં આવ્યા છે. પૂનાવાલાએ કેન્દ્રના E20 પ્રોગ્રામના અમલીકરણ સામે ગાંધી સ્મૃતિ સુધી માર્ચ અને એક દિવસીય ભૂખ હડતાળનું આયોજન કર્યું હતું. પરંતુ આ કાર્યક્રમ પહેલા જ પોતાને મહિલા પોલીસ અધિકારીઓ સહિતની એક પોલીસ ટીમે ઘરમાં નજર કેદ કરી લીધા હોવાનો આક્ષેપ પૂનાવાલાએ કર્યો છે.

### સંસદ પરિસરમાં રામ...

નેતાઓએ વિરોધ પ્રદર્શનના બહાને સનાતન સંસ્કૃતિની મજાક ઉડાવી છે. અયોધ્યાના રામ મંદિરમાં દાનમાં થયેલી કથિત ગેરરીતિ અને ચોરીના વિરોધમાં શુક્રવારે સંસદ ભવનના મકર દ્વાર સામે ભગવા વસ્ત્રો પહેરીને પપ્પુ યાદવ અને અન્ય વિપક્ષી સાંસદોએ આ નાટક રજૂ કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધી સહિતના સાંસદો દાનપેટીમાં પૈસા મૂકી રહ્યા હતા, જ્યારે પૂર્ણિયાના અપક્ષ સાંસદ રાજેશ રંજન(પપ્પુ યાદવ) રામ મંદિરમાં થયેલી કથિત ચોરીના પ્રતીક રૂપે તે પૈસા પોતાના ખિસ્સામાં સરકાવી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, પપ્પુ યાદવ બિહારની પૂર્ણિયા સીટ પરથી અપક્ષ સાંસદ છે, જ્યારે અવધેશ પ્રસાદ ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ બેઠક પરથી સમાજવાદી પાર્ટીના સાંસદ છે.

### જુલાઇમાં GST...

કલેક્શનમાં વર્ષો વર્ષના ધોરણે અનુક્રમે 15.4 ટકા અને 15.8 ટકાનો વધારો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મુખ્યત્વે આયાત પરથી મળતી મજબૂત આવકનો મોટો ફાળો રહ્યો છે. આ ઉપરાંત, સ્થાનિક GST કલેક્શનમાં પણ સારો એવો વધારો જોવા મળ્યો છે. ક્રમિક મહિના દર મહિનાના ધોરણે જોઈએ તો, ગ્રોસ GST કલેક્શન જૂનના 1.95 ટ્રિલિયનથી 8.4 ટકા વધીને જુલાઈમાં 2.11 ટ્રિલિયન થયું છે, જ્યારે નેટ GST કલેક્શન 1.62 ટ્રિલિયનથી 11.6 ટકા વધીને 1.81 ટ્રિલિયન પર પહોંચ્યું છે. કસ્ટમ્સ પરથી નેટ GST આવક 30.3 ટકાના ઘણા ઝડપી દરે વધીને 54,223 કરોડ થઈ, જે આયાત-સંબંધિત કર વસૂલાતની સતત મજબૂતી દર્શાવે છે.

નિષ્ણાતો આ મજબૂત વસૂલાત માટે મજબૂત સ્થાનિક માંગ, ઊંચી આયાત અને વેરા અનુપાલનમાં સતત થયેલા સુધારાને જવાબદાર ગણાવે છે. ઈવાય ઈન્ડિયાના પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે, GST કલેક્શનમાં સતત બે આંકડામાં જોવા મળતી વૃદ્ધિ વૈશ્વિક પડકારો છતાં ભારતીય અર્થતંત્રની મજબૂતીની પુષ્ટિ કરે છે. જો કે, તેમણે સાવચેત કરતા એમ પણ ઉમેર્યું હતું કે, આયાતમાંથી મળતી ઊંચી GST આવક ભારતની આયાત પરની સતત નિર્ભરતા પણ દર્શાવે છે, જે લાંબા ગાળાના વિકાસ માટે સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવાની કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ઘરેલું વપરાશ પર દર મહિને GST કલેક્શનમાં સતત થઈ રહેલો વધારો દર્શાવે છે કે એકંદરે ઘરેલું વપરાશ હવે મોસમી ફેરફારો અને બાહ્ય પડકારોથી મોટે અંશે અપ્રભાવિત થઈ રહ્યો છે," મણિએ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જુલાઈ મહિનામાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને તેલંગાણા જેવા અગ્રણી ઉત્પાદક રાજ્યોમાં GST કલેક્શનમાં વધારો નોંધાયો છે એમ ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર એમ. એસ. મણીએ જણાવ્યું હતું.

### કેરળમાં ભારે...

નોંધાઈ હતી. મૃતકની ઓળખ ઇડુક્કી જિલ્લાના કુડાયથૂર નજીક અડૂરમાલાના રહેવાસી સુમથી (65) તરીકે થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું કે તેમના પતિ રવિ અને તેમના પુત્ર રશને બચાવી લેવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અન્ય એક ઘટનામાં, વાયકોમના પ્રભાકરન નાયર (77)નું ઇડુક્કી જિલ્લાના વાગામોન વિસ્તારમાં તેમના સંબંધીના ઘર પર ભૂસ્ખલન થતાં મોત થયું હતું.

કોટ્ટયમ જિલ્લાના પૂંજરમાં પય્યાનીથોટ્ટમ ખાતે ભૂસ્ખલન બાદ એક યુવકનું મોત થયું હતું અને તેની માતા કાટમાળ નીચે ફસાઈ ગઈ હતી.

મૃતકની ઓળખ જોનીના પુત્ર જોસેફિન તરીકે થઈ છે. જોસેફિનની માતા રેજીના જોની (46) કાટમાળ નીચે ફસાયેલી છે.

ભૂસ્ખલન અને પૂર બાદ, સતીશને વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના પ્રભારી મંત્રીઓને પોતપોતાના જિલ્લામાં જઈને રોકાવા અને રાજ્યભરમાં ભારે વરસાદ ચાલુ હોવાથી બચાવ અને રાહત કામગીરીનું સંકલન કરવા નિર્દેશ આપ્યો હતો.

તેમણે મંત્રીઓ અને જિલ્લા કલેક્ટરો સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ઇડુક્કી જિલ્લાના કેટલાક ભાગોમાં ભૂસ્ખલન અને પૂરની અસર થઈ હતી. ઉપ્પુથરા ખાતે, ભૂસ્ખલનમાં પાર્ક કરેલી પોલીસ જીપને નુકસાન થયું હતું. ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ વાહનવ્યવહાર ખોરવાયો હતો.

ચીયાપારા નજીક ભૂસ્ખલન બાદ કોચી-ધનુષકોડી નેશનલ હાઈવે પર વાહનોની અવરજવરને અસર થઈ હતી.વંદીપેરિયાર ખાતે ચોટ્ટુપુરા નાળામાં પાણીનું સ્તર વધવાને કારણે નેશનલ હાઈવે 183 પર પાણી ભરાઈ ગયા હતા.પાડોશી કોટ્ટયમ જિલ્લામાં, ભારે વરસાદને કારણે એરાટ્ટુપેટ્ટા, કાંજીરાપલ્લી, કૂટ્ટિકલ, એરુમેલી અને પાલામાં વ્યાપક પૂર આવ્યું હતું, જેનાથી વ્યાપારી અને રહેણાક વિસ્તારો જળમગ્ન થયા હતા, વાહનવ્યવહાર ખોરવાયો હતો અને બચાવ કામગીરી શરૂ કરવાની ફરજ પડી હતી.

### CWG: ભારતીય...

સચિને પ્રથમ બે રાઉન્ડમાં પાછળ રહ્યા બાદ અદ્ભુત પુનરાગમન કરીને નામિબિયાના ટ્રાયઅગેન મોર્નિંગ ન્દેવેલોને પરાજય આપીને સુવર્ણ પદક જીત્યો હતો.

ભારત તરફથી ગોલ્ડ મેડલની શરૂઆત પ્રીતિ કરી હતી. મહિલાઓના 54 કિગ્રા વર્ગમાં પ્રીતિએ કેનેડાની સ્કારલેટ ડેલ્ગાડોને 5-0થી એકતરફી પરાજય આપીને પ્રથમ ગોલ્ડ મેળવ્યો હતો. ત્યારબાદ મહિલાઓના 57 કિગ્રા વર્ગમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન જૈસ્મીને પણ નોર્ધર્ન આયર્લેન્ડની મિશેલા વોલ્શ સામે 5-0થી વિજય મેળવીને બીજો ગોલ્ડ મેડલ જીત્યો હતો.અન્ય સફળતાઓમાં સાક્ષીએ મહિલાઓના 51 કિગ્રા વર્ગમાં ઈંગ્લેન્ડની રૂબી વહાઈટને 5-0થી હરાવીને ભારતને દિવસનો ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. મહિલાઓના 70 કિગ્રા વર્ગમાં અરુંધતિએ ઈંગ્લેન્ડની ચેન્ટેલ રીડ સામે 5-0ના સર્વસંમતિના નિર્ણયથી ભવ્ય વિજય મેળવી ચોથો ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.મહિલાઓના 60 કિગ્રા વર્ગમાં કડક મુકાબલા બાદ પ્રિયાએ કેનેડાની મારી-બથૌલ અલ-અહમદિયાને 4-1ના સ્પ્લિટ વર્ડિક્ટથી હરાવીને ભારતનો બોક્સિંગમાં પાંચમો ગોલ્ડ મેડલ પાક્કો કર્યો હતો.

### દ. ગુ. બાદ હવે...

રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત અને ખેડા જિલ્લામાં પૂરના પાણી ઓસરતાં અનેક સ્થળોએ મૃતદેહો મળી રહ્યા છે અને વહીવટી તંત્રએ અત્યાર સુધીમાં 20થી વધુ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત વરસાદને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. નાના કેરાળા ગામની સીમમાં પાણીના પ્રવાહ વચ્ચે ફસાયેલા બે શ્રમિકો અને એક બાળક સહિત ત્રણ લોકોનું બોટ મારફતે સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ચોટીલા પંથકમાં જાંબુરી નદી પર આવેલો ત્રિવેણી ઠાંગા ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. લીંબડી શહેરની પાંચથી વધુ સોસાયટીઓમાં વરસાદી પાણી ઘૂસી જતાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા છે, જ્યારે ગ્રામ્ય કચેરી અને વીજ સબસ્ટેશન સુધી પાણી પહોંચી જતાં 21 ગામોના વીજ પુરવઠા પર સંકટ ઊભું થયું છે. વઢવાણ તાલુકાના કટુડા ગામમાં ગામ બેટમાં ફેરવાઈ ગયું છે અને અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ બન્યા છે. સાબરકાંઠાના ઈડરમાં મેઘરાજાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

ધોધમાર વરસાદથી ડેભોલ નદી ગાંડીતૂર બનતાં ધસમસતા પૂરના પાણીમાં એક કાર તણાઈ ગઈ હતી. શહેરના અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં છે. માર્ગ અને મકાન વિભાગની કચેરીમાં પાણી ઘૂસી ગયાં છે અને ઈડર-વલાસણા હાઈવે પર પણ વાહનવ્યવહારને અસર પહોંચી છે. દેવભૂમિ દ્વારકામાં ઝરમર વરસાદ વચ્ચે દરિયામાં ભારે કરંટ અને ઊંચા મોજા ઉછળતાં ગોમતી ઘાટ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. કચ્છમાં વરસાદે બે વિરોધાભાસી દૃશ્યો સર્જ્યાં છે. ભુજ શહેરમાં માત્ર અડધો ઈંચ વરસાદ પડતાં જ સ્ટેશન વિસ્તાર ઘૂંટણસમા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, ઐતિહાસિક હમીરસર તળાવમાં નવા નીરની આવક થઈ છે. ભારે વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના પાણશીણા ગામમાં આશરે 1,000 એકર ખેતીલાયક જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં સતત ભારે વરસાદથી પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. કીમ અને ટોકરી નદી ગાંડીતુર બનતાં ઓલપાડ, માંગરોળ અને હાંસોટનાં અનેક ગામો જળમગ્ન થયાં છે.